For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રી-નીટ યુજીની પરીક્ષા માટે કડક સુરક્ષા, ડબલ લેયરમાં પરિક્ષાર્થીઓનું ચેકીંગ

# પેપર મધ્યમ રહ્યું, બાયોલોજી સરળ ફિઝિક્સ ટફ લાગતા માર્ક્સ પર અસર થવાની ભીતિ

**પરીક્ષા** પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્રો અને સંબંધિત સામગ્રીને પોલીસ એસ્કોર્ટ સાથે સુરક્ષિત રીતે લઈ જવાય :

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

પેપર લીક થયા બાદ રાજ્યમાં નીટ યુજીની ફરી પરીક્ષા યોજાય હતી. જેમાં રાજ્યના 211 અને વડોદરા શહેરના 17 જેટલા પરીક્ષા કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષામાં શહેરમાંથી છ હજાર ઉપરાંત વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. આ વખતે વિદ્યાર્થીઓને સવારે 11:00 વાગ્યાથી જ 1:30 વાગ્યા સુધીમાં પ્રવેશ આપી દેવામાં આવ્યો હતો અને સાંજે સાડા પાંચ વાગ્યે શાંતિપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થઈ હતી. ગત વખત કરતા આ વખતે બાયોલોજી થોડું સરળ અને ફિઝિક્સ થોડું અઘરું પુછાયુ હતું. જેના કારણે માર્ક્સ પર અસર થઈ શકે છે.

રી-નીટ યુજીની પરીક્ષા શહેરમાં નિર્વિઘ્ને યોજાઈ હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાયો હતો. આ વખતે કેટલાક વિદ્યાર્થીઓને પેપર સરળ તો કેટલાક વિદ્યાર્થીઓને ટફ લાગ્યું હતું. બાયોલોજી સરળ અને ફિઝિક્સ હાર્ડ લાગ્યું હતું. જેના કારણે માર્ક્સ પર અસર થવાની ભીતિ સેવાઈ હતી. વડોદરા શહેરમાં નીટ યુજીની પરીક્ષા પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. શહેરના 17 પરીક્ષા કેન્દ્રો પર અંદાજે 6 હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. પરીક્ષાની પારદર્શિતા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ અને પરીક્ષા સત્તાધીશો દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ખાસ કરીને પરીક્ષા કેન્દ્રો પર થ્રી-લેયર સિક્યુરિટી ચેકિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને બાયોમેટ્રિક વેરિફિકેશન બાદ જ પ્રવેશ આપવામ આવ્યો હતો. સાથે જ એનટીએની માર્ગદર્શિકાનું કડક પાલન કરવામ આવ્યું હતું. સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની ખાસ કાળજી રાખવા અધિકારીઓને સૂચના આપી હતી. તાજેતરમાં પેપર લીકની ઘટનાઓને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. વાલીઓએ માંગ કરી છે કે પરીક્ષા સંપૂર્ણ પારદર્શક રીતે યોજાય અને ફરી કોઈ પેપર લીક જેવી ઘટના ન બને, કારણ કે તે દેશના ભવિષ્ય સાથે સીધો સંબંધ ધરાવે છે. પોલીસ દ્વારા પરીક્ષા કેન્દ્રોની આસપાસ જાહેરનામું પણ અમલમાં મૂકવામાં આવ્યું હતું. પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્રો અને સંબંધિત સામગ્રીને પણ પોલીસ એસ્કોર્ટ સાથે સુરક્ષિત રીતે લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તંત્રનું કહેવું છે કે પરીક્ષા નિષ્પક્ષ, પારદર્શક અને શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા.



નીટ પરીક્ષામાં એન્ટ્રી



પરીક્ષા આપી બહાર નીકળ્યા

### રાસાયણિક પ્રક્રિયાઓ અને સમીકરણો થોડા મુશ્કેલ લાગ્યા

આ વખતે બાયોલોજીનું પેપર સરળ અને સિલેબસ આધારિત હોવાથી આત્મવિશ્વાસ સાથે લખી શકાયું. એમએસસીનું પેપર મધ્યમ કક્ષાનું રહ્યું, જોકે રાસાયણિક પ્રક્રિયાઓ અને સમીકરણો મુશ્કેલ લાગ્યા. ફિઝિક્સનું પેપર ટફ અને લેન્ધી હોવાથી સમયની તંગી અનુભવાઈ. સમગ્ર પરીક્ષાનો અનુભવ તણાવપૂર્ણ રહ્યો. - **રેહાન ખાન પઠાણ,** વિદ્યાર્થી

### ગત વખત કરતા આજનું પેપર થોડું વધુ લેન્ધી અને કેલ્ક્યુલેશન બેઝડ લાગ્યુ

પરીક્ષાનું પેપર મોડરેટ લેવલનું રહ્યું. ફિઝિક્સ વિભાગ સૌથી મુશ્કેલ અને સમયખાઉ રહ્યો, જ્યારે કેમેસ્ટ્રીમાં એનસીઈઆરટી આધારિત પ્રશ્નો વધુ હતા. બાયોલોજીનું પેપર સૌથી સરળ અને સ્કોરિંગ રહ્યું. એકંદરે પેપર મધ્યમ કક્ષાનું ગણાયું, જોકે અગાઉના પેપર કરતાં થોડું વધુ લેન્ધી લાગ્યું. - **રવિ વઢવાણા,** એજ્યુકેશન એક્સપર્ટ

### નીટ પરીક્ષા દરમિયાન એમએસયુ બહાર NSUIના વિરોધથી વિવાદ, કાર્યકરો ડિટેન



વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના નીટ યુજી પરીક્ષા કેન્દ્ર બહાર રવિવારે પેપર લીક મુદ્દે વિરોધનું રાજકારણ ગરમાયું હતું. વિદ્યાર્થીઓના હિતમાં સિગ્નેચર કેમ્પેઈન યોજવા માટે એનએસયુઆઈના કાર્યકરો કેન્દ્ર પર પહોંચ્યા હતા. જોકે પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય સ્થિતિ સર્જાય નહીં તે માટે સયાજીગંજ પોલીસે શહેર પ્રમુખ અમર વાઘેલા સહિતના કાર્યકરોને ડિટેન કરી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પરીક્ષા કેન્દ્ર બહાર વિરોધ થતાં કેટલાક વાલીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. તેમના મતે, પરીક્ષાના તણાવભર્યા માહોલમાં આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓનું ધ્યાન ભંગ થઈ શકે છે. બીજી તરફ એનએસયુઆઈએ પોલીસ કાર્યવાહીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે તેઓ માત્ર વાલીઓના હસ્તાક્ષર એકત્ર કરી વિદ્યાર્થીઓના હિતમાં અભિયાન ચલાવવા માગતા હતા. પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા પગલાં લીધા હોવાનું જણાવ્યું છે. સમગ્ર ઘટનાએ વિરોધના સ્થળ અને સમયને લઈને ચર્ચા જગાવી છે.

### ગત વખત કરતા આજનું પેપર થોડું વધુ લેન્ધી અને કેલ્ક્યુલેશન બેઝડ લાગ્યુ

વડોદરામાં આધાર કાર્ડ અને ફોર્મમાં નામની મિસમેચને કારણે વિદ્યાર્થીઓ પાસે ઓરિજિનલ એલસી માગવામાં આવી હતી. બોડેલીથી આવેલા વિદ્યાર્થીઓને પણ એલસી માટે મુશ્કેલી પડી. ઉપરાંત ફોટો સાઈઝની ક્ષતિને કારણે કેટલાક વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળતા તેઓને તાત્કાલિક નવા ફોટા પડાવવા દોડધામ કરવી પડી હતી.. - **સોહિલ ખત્રી,** વાલી

### છેલ્લી ઘડીએ દોડાવ્યા

પરીક્ષામાં પ્રવેશ માટે આઈડી કાર્ડ, હોલ ટિકિટ, પાસપોર્ટ સાઈઝ ફોટો અને પારદર્શક પાણીની બોટલ ફરજિયાત રાખવામાં આવ્યા હતા. જોકે કેટલાક કેન્દ્રો પર ફોટો સાઈઝની ખામી તથા આધાર કાર્ડ અને ફોર્મમાં નામના મિસમેચને કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી હતી. ઓરિજિનલ એલસી માગવામાં આવતા દૂરથી આવેલા વાલીઓ અને વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી. આ વચ્ચે ટાઈફોઈડગ્રસ્ત એક વિદ્યાર્થિની ગ્લુકોઝની બોટલ સાથે પરીક્ષા આપવા પહોંચી હતી.

### સોશિયલ મીડિયાની જાહેરાત જોઈ સંપર્ક કર્યો હતો

# વિદેશ નર્સિંગની નોકરીની ઘેલછામાં બે યુવતીને રૂ. ૧૦.૬૦ લાખનો ચૂનો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

ગુજરાતમાં વિદેશમાં સ્થાયી થવા અથવા સારી નોકરી મેળવવાના સપના જોતા યુવાનોને નિશાન બનાવી છેતરપિંડીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. આવા જ એક ચોંકાવનારા બનાવમાં વડોદરાના ન્યૂ વી.આઈ.પી. રોડ પર ખોડિયારનગર નજીક આવેલા અર્થ આઈકોન કોમ્પ્લેક્સમાં ઓફિસ ધરાવતા બે એજન્ટ ભાઈઓએ ઓસ્ટ્રિયામાં નર્સિંગની પ્રતિષ્ઠિત નોકરી અપાવવાની લાલચ આપી બે યુવતીઓ પાસેથી કુલ રૂ. 10.60 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. સમગ્ર મામલે વારસિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના નાપા ગામની એકતાનગર કોલોનીમાં રહેતા અને નર્સિંગ ટ્યુટર તરીકે ફરજ બજાવતા નિકિતાબેન જયંતિભાઈ રોહિતે જશવંત ચૌધરી અને તેના ભાઈ દુષ્યંત ચૌધરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વર્ષ 2024 દરમિયાન નિકિતાબેને સોશિયલ મીડિયા પર ‘એકનાથ ઈમિગ્રેશન કન્સલટન્સી’ની જાહેરાત જોઈ હતી. તેઓ તથા તેમની બહેનપણી સિમરન ઈશ્વરભાઈ પરમાર ઓસ્ટ્રિયામાં નર્સિંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા હોવાથી બંનેએ એજન્ટનો સંપર્ક કરી વડોદરા સ્થિત ઓફિસની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન જશવંત ચૌધરીએ યુરોપમાં નર્સિંગની પાકી નોકરી અપાવવાની ખાતરી આપી હતી. તેણે જણાવ્યું હતું કે ચાર મહિનામાં વિઝા સહિતની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી બંનેને ઓસ્ટ્રિયા મોકલી દેવામાં આવશે. આ માટે વ્યક્તિદીઠ રૂ. 6 લાખ ખર્ચ થશે તેમ જણાવતાં યુવતીઓએ શરૂઆતમાં અલગ-અલગ હપ્તામાં રૂ. 1.50 લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ ઓક્ટોબર 2025માં દુષ્યંત ચૌધરીએ બંને યુવતીઓના પાસપોર્ટ નંબર સાથેનું કથિત ઓસ્ટ્રિયન ઓફર લેટર આપ્યું હતું અને નવેમ્બર મહિનામાં જવાનો કાર્યક્રમ હોવાનું જણાવ્યું હતું. આ દસ્તાવેજ પર વિશ્વાસ રાખીને યુવતીઓએ વધુ રૂ. 4.30 લાખ ચૂકવ્યા હતા. જોકે, ત્યારબાદ આરોપીઓએ ઓસ્ટ્રિયા મોકલવાને બદલે જ્યોર્જિયાના વિઝા અપાવવાની વાતો શરૂ કરી હતી. સમય પસાર થવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી ન થતાં યુવતીઓને શંકા જાગી હતી. વારંવાર પૂછપરછ કરવા છતાં સંતોષકારક જવાબ ન મળતાં આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ખાતરી થતાં તેમણે પોલીસનો આશરો લીધો હતો. વારસિયા પોલીસે બંને આરોપી ભાઈઓ સામે છેતરપિંડીનો ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે. સાથે જ આ ઈમિગ્રેશન કૌભાંડમાં અન્ય કેટલા લોકો ભોગ બન્યા છે અને આરોપીઓએ કેટલા લોકો પાસેથી રૂપિયા પડાવ્યા છે તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### હુમલાખોરો પ્લેટફોર્મ સુધી પીછો કરી માર મારતા ચકચાર

# પ્રતાપનગર રેલવે સ્ટેશન નજીક પાર્કિંગના વિવાદમાં પોલીસ જવાન પર જીવલેણ હુમલો

**પીએસઆઈ** પરીક્ષાની રજા પર આવેલા જવાન અને તેના ભાણેજને માર માર્યો, વાડી પોલીસમાં ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના પ્રતાપનગર રેલવે સ્ટેશન નજીક પાર્કિંગના સામાન્ય વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કરતાં પોલીસ જવાન પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. દંપતી અને તેમના પુત્રએ મળીને પોલીસ જવાનને લાકડીઓ વડે માર માર્યો હતો. હુમલાખોરોનો આતંક એટલો વધ્યો હતો કે જવાનને પોતાનો જીવ બચાવવા માટે રેલવે પ્લેટફોર્મ તરફ દોડવું પડ્યું હતું, તેમ છતાં આરોપીઓએ તેમનો પીછો કરી જાહેરમાં હુમલો ચાલુ રાખ્યો હતો.

મૂળ છોટાઉદેપુર જિલ્લાના ગુનાટા ગામના વતની અને હાલ નવભારત પોલીસ લાઈનમાં રહેતા ધ્રુવેસિંગ દશરથભાઈ રાઠવા છેલ્લા અઢી વર્ષથી લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. હાલમાં તેઓ પીએસઆઈની પરીક્ષાની તૈયારી માટે રજા પર છે. શનિવારે વહેલી સવારે તેઓ પોતાના વતન જવા માટે પ્રતાપનગર રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. સ્ટેશન નજીક અલવી વ્હોરા કબ્રસ્તાનની દીવાલ પાસે બાઈક પાર્ક કરતી વખતે એક મહિલાએ તેમની પાસે પાર્કિંગ ચાર્જની માંગણી કરી હતી.

ધ્રુવેસિંગે પાર્કિંગની રસીદ માંગતા મહિલા ઉશ્કેરાઈ ગઈ હતી અને બોલાચાલી શરૂ થઈ હતી. થોડા સમય બાદ મહિલાએ પોતાના પતિ અને પુત્રને બોલાવી લીધા હતા. ત્રણેયે મળીને બાઈક હટાવવાના મુદ્દે ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન એક શખ્સે લાકડી વડે ધ્રુવેસિંગ પર હુમલો કર્યો હતો. મામા પર હુમલો થતો જોઈ વચ્ચે પડેલા તેમના ભાણેજને પણ આરોપીઓએ માર માર્યો હતો.

હુમલાથી બચવા માટે ઈજાગ્રસ્ત હાલતમાં ધ્રુવેસિંગ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ તરફ દોડ્યા હતા, પરંતુ હુમલાખોરોએ તેમનો પીછો છોડ્યો ન હતો. પ્લેટફોર્મ પર પણ તેમને લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. ઘટનાના કારણે મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગે ધ્રુવેસિંગ રાઠવાની ફરિયાદના આધારે વાડી પોલીસે ગુનો નોંધી આરોપી પરિવારની શોધખોળ શરૂ કરી છે. જાહેર સ્થળે કાયદાના રક્ષક પર થયેલા આ હુમલાએ શહેરની કાયદો-વ્યવસ્થાને લઈને અનેક સવાલો ઉભા કર્યા છે.

# વાઘોડિયા રોડ પરિવાર ચાર રસ્તા પાસે ૫ દિવસથી મસમોટો ભુવો

**સ્થાનિકોમાં** અકસ્માતની ભીતિ : તંત્ર બેધ્યાન

(પ્રતિનિધિ) વડોદરા તા.21

ચોમાસાના આગમન પૂર્વે વડોદરામાં પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થયા છે. વાઘોડિયા રોડ પર આવેલા વ્યસ્ત પરિવાર ચાર રસ્તા પાસે છેલ્લા પાંચ દિવસથી રોડની વચ્ચે જ મસમોટો ભુવો પડ્યો હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનો પસાર થતા હોવાથી સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે.



રહીશોના જણાવ્યા મુજબ ભુવો દિવસેને દિવસે વધુ મોટો થઈ રહ્યો છે અને ગમે ત્યારે ગંભીર અકસ્માત સર્જી શકે તેવી સ્થિતિ છે. વડોદરાના પૂર્વ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા વર્ષોથી યથાવત છે. ચોમાસું શરૂ થતાં ભુવામાં પાણી ભરાઈ જશે તો વાહનચાલકો માટે તે જોખમરૂપ બની શકે છે. ખાસ કરીને રાત્રિના સમયે ખાડો નજરે નહીં ચઢતા કોઈ વાહનચાલક અથવા રાહદારી અકસ્માતનો ભોગ બને તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે ચોમાસા પહેલાં માર્ગોની મરામત અને સુરક્ષા અંગેની કામગીરી થવી જોઈએ, પરંતુ અહીં મુખ્ય માર્ગ પર પડેલો ભુવો પણ હજુ સુધી પૂરવામાં આવ્યો નથી. સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? રહીશોએ વડોદરા મહાનગરપાલિકા અને સંબંધિત વિભાગોને તાત્કાલિક ભુવાનું સમારકામ કરવા અપીલ કરી છે.

## ગરમીનો પારો ૩૮.૬ ડીગ્રી, ૨૬ જૂન સુધી વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા શહેરમાં ગરમી અને બફારાનો અનુભવ થયો હતો. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 38.6 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 29.6 ડીગ્રી નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ 65% અને સાંજે 37% રહેતા દિવસ દરમિયાન બફારો યથાવત રહ્યો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આજથી 26 જૂન સુધી સળંગ સાત દિવસ વરસાદી માહોલ જળવાઈ રહેશે. વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની પ્રબળ શક્યતા વ્યક્ત કરાઈ છે. વડોદરા, આણંદ, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત સહિતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ જ પ્રકારનો માહોલ 22 જૂને પણ યથાવત રહેવાની સંભાવના છે.

# કિશનવાડી ખાતે વર્ષો જૂના દશામાના મંદિર પર બૂલડોઝર ફરતા આક્રોશ

**અન્ય** દબાણો કેમ ન દેખાયા?” હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચાડ્યાનો સ્થાનિકોનો આક્ષેપ; કાઉન્સિલર કમિશનરને કરશે રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા.21

કિશનવાડી વિસ્તારમાં પાલિકાની દબાણ શાખા દ્વારા કરવામાં આવેલી એક કડક કાર્યવાહીને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ અને રોષ ફાટી નીકળ્યો છે. ઠેકરનાથ મંદિર રોડ પર આવેલા વર્ષો જૂના દશામાના મંદિરને પાલિકાના તંત્ર દ્વારા તોડી પાડવામાં આવતા સ્થાનિક લોકોએ વહીવટી તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. લોકોનો આરોપ છે કે તંત્ર દ્વારા માત્ર હિન્દુઓની આસ્થાને જ લક્ષ્ય બનાવીને ઠેસ પહોંચાડવામાં આવી રહી છે, જ્યારે આસપાસના અન્ય મોટા દબાણો સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિક રહીશો અને ભાજપ બક્ષીપંચ મોરચાના માજી પ્રમુખ સંતોષભાઈના જણાવ્યા અનુસાર, આ સ્થળે છેલ્લા ૧૫-૧૭ વર્ષથી દશામાની નાની ડેરી આવેલી હતી. વરસાદ અને પાણીના છાંટા ઉડતા હોવાને કારણે સ્થાનિક યુવક મંડળે તેને વ્યવસ્થિત અને પાકું કરવાનું આયોજન કર્યું હતું. જોકે, પાલિકાના અધિકારીઓએ આ વર્ષો જૂના ધાર્મિક સ્થાનને જ નડતરરૂપ ગણીને જમીનદોસ્ત કરી દીધું. સ્થાનિકોએ ઉગ્ર સુર માં સવાલ કર્યો હતો કે કિશનવાડીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે, ઠેકરનાથ અને અડાણીયા પુલ નજીક અસંખ્ય ગેરકાયદેસર દબાણો આવેલા છે, તે અધિકારીઓને કેમ દેખાતા નથી? આ મામલે રાજકીય ગરમાવો પણ આવી ગયો છે. ભાજપના સ્થાનિક કાઉન્સિલર મનોજ પટેલે પાલિકાની આ કામગીરી સામે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નવું બાંધકામ જો દબાણમાં આવતું હોય તો તે અટકાવવું યોગ્ય છે, પરંતુ વર્ષો જૂની ડેરી તોડવા માટે અધિકારીઓને ફોન પર ના પાડવામાં આવી હોવા છતાં તેમણે કોઈ હકારાત્મક પ્રતિસાદ આપ્યો નહીં. આ અન્યાયી કાર્યવાહી સામે આગામી સમયમાં મ્યુનિસિપલ કમિશનરને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવશે. બીજી તરફ, પાલિકાના ડેપ્યુટી કમિશનર સુરેશ તુવેરે તંત્રનો બચાવ કરતા સ્પષ્ટતા કરી હતી કે, ઠેકરનાથ સ્મશાનની બહાર નિયમો વિરુદ્ધ નવું મંદિર બનાવવામાં આવી રહ્યું હોવાથી દબાણ શાખાએ કાયદેસરની કાર્યવાહી કરી છે.

# તાંદલજામાં યુવકનો એસિડ પી આત્મહત્યાનો પ્રયાસ

**નશાનો** ધંધો કરવા દબાણ અને ધમકીઓથી કંટાળી યુવકે એસિડ પીધું

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરાના તાંદલજા વિસ્તારમાંથી એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. કેટલાક શખ્સોના સતત ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓથી કંટાળીને 26 વર્ષીય શાહરુખ દીવાને એસિડ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. હાલ શાહરુખ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પરિવારજનોએ ચાર યુવકો સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

મળતી માહિતી મુજબ, તાંદલજા વિસ્તારમાં રહેતા શાહરુખ દીવાનને છેલ્લા કેટલાક સમયથી તેના જ કેટલાક મિત્રો હેરાન-પરેશાન કરી રહ્યા હતા. પરિવારના જણાવ્યા અનુસાર, આ શખ્સો શાહરુખને નશીલા પદાર્થોના ગેરકાયદેસર કારોબારમાં જોડાવા માટે સતત દબાણ કરતા હતા. જોકે, શાહરુખે આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ થવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. શાહરુખે નશાનો ધંધો કરવાની મનાઈ કરતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેને સતત ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. પરિવારના આક્ષેપ મુજબ, આરોપીઓ ફોન પર તેમજ રસ્તામાં રોકીને તેને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. સતત મળતી ધમકીઓ અને માનસિક ત્રાસના કારણે શાહરુખ ભારે તણાવમાં આવી ગયો હતો.

આખરે કંટાળીને શાહરુખે ઘરમાં રહેલું એસિડ પી લીધું હતું. તેની તબિયત લથડતાં પરિવારજનોએ તાત્કાલિક તેને સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પરિવારે વિસ્તારના ચાર યુવકોને આ ઘટના માટે જવાબદાર ઠેરવ્યા છે. બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

### પરિવારનો મોભી છીનવાતા તરસાલીની શિવ રેસીડેન્સીમાં માતમ

# હાઈવે પર ફરી કાળનો પંજો, બેફામ દોડતી કારે નિર્દોષનો જીવ લીધો

**વાઘોડિયા** ચોકડી પાસે કારની ટક્કરે ટેમ્પો ચાલક શાકભાજીના વેપારીનું મોત



(પ્રતિનિધિ) વડોદરા તા.21

નેશનલ હાઈવે નં. 48 પર વડોદરા નજીક આવેલી વાઘોડિયા ચોકડી પાસે વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતી કારના ચાલકે થ્રી વ્હીલર ટેમ્પોને અડફેટે લેતા ટેમ્પો ચાલક અને શાકભાજી વેપારી અશોકભાઈનું મોત નીપજ્યું હતું. અકસ્માતને પગલે વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

તરસાલી સ્થિત શિવ રેસીડેન્સીમાં રહેતા અશોકભાઈ શાકભાજીનો વ્યવસાય કરતા હતા. તેઓ પોતાના થ્રી વ્હીલર ટેમ્પોમાં જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવતી કાર નં. GJ-06-RB-8684ના ચાલકે કાબુ ગુમાવતા ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે અશોકભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને રાહદારીઓ મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા. અકસ્માતના કારણે હાઈવે પર થોડો સમય ટ્રાફિકજામ પણ સર્જાયો હતો. પરિવારના મુખ્ય આધારસ્તંભનું અચાનક નિધન થતાં પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે મોકલી આપી કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વાઘોડિયા ચોકડી નજીક વારંવાર થતા અકસ્માતોને કારણે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોએ આ વિસ્તારને ‘ડેન્જર ઝોન’ ગણાવી તંત્રને ટ્રાફિક નિયંત્રણ અને અકસ્માત નિવારણ માટે અસરકારક પગલાં ભરવાની માંગ કરી છે.

## મહિલાને સાપ કરડ્યો, સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

શહેરના લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલા શિવનગરમાં રહેતા એક ૪૨ વર્ષીય મહિલાને સાપ કરડતાં સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

લક્ષ્મીપુરા ગામ, શિવનગર ખાતે રહેતા ૪૨ વર્ષીય મીનાબેન નંદકિશોર શર્મા પોતાના ઘરે હાજર હતા, તે દરમિયાન અચાનક એક સાપે તેમના ડાબા પગના અંગૂઠા પર ડંખ માર્યો હતો. મીનાબેને બૂમાબૂમ કરી મૂકતા આસપાસના લોકો અને પરિવારજનો દોડી આવ્યા હતા. તેમને તુરંત જ વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલના તબીબો દ્વારા તેમને સઘન સારવાર આપવામાં આવી રહી છે. ચોમાસાની શરૂઆત થતાં જ રહેણાંક વિસ્તારોમાં સરીસૃપો નીકળવાની ઘટનાઓ વધતાં લોકોમાં ચિંતાનો માહોલ છે.

# વગર ટિકિટે મુસાફરી કરવી પડશે મોંઘી, રેલવેનો લઘુત્તમ દંડ હવે ૫૦૦

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ભારતીય રેલવેમાં વગર ટિકિટ અથવા અનિયમિત રીતે મુસાફરી કરતા મુસાફરો માટે હવે વધુ કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. રેલ મંત્રાલયે આવા કેસોમાં વસૂલવામાં આવતા લઘુત્તમ દંડમાં વધારો કરીને તેને રૂ. 250માંથી રૂ. 500 કરી દીધો છે. આ નવો નિયમ તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવ્યો છે, જેના કારણે નિયમોનું ઉલ્લંઘન કરનારા મુસાફરોને હવે બમણો દંડ ચૂકવવો પડશે.

મળતી માહિતી મુજબ રેલવે અધિનિયમ-1989ની કલમ 137 અને 138માં જન વિશ્વાસ પ્રાવધાનો (સુધારા) અધિનિયમ-2026 હેઠળ સુધારા કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે તંત્રનું માનવું છે કે દંડમાં કરાયેલા વધારાથી વગર ટિકિટે મુસાફરી કરવાની પ્રવૃત્તિઓમાં ઘટાડો થશે તેમજ મુસાફરોમાં નિયમો પ્રત્યે વધુ જવાબદારીની ભાવના વિકસશે.

ભારતીય રેલવે દ્વારા સમયાંતરે દેશભરમાં વિશેષ ટિકિટ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવે છે. આવા અભિયાનો દરમિયાન દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો વગર ટિકિટ અથવા ખોટી ટિકિટ સાથે મુસાફરી કરતા ઝડપાય છે. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર નવા દંડના અમલથી આવકમાં વધારો થવાની સાથે ટ્રેનોમાં શિસ્ત અને વ્યવસ્થા જાળવવામાં પણ મદદ મળશે.

રેલવે તંત્રે મુસાફરોને અપીલ કરી છે કે તેઓ મુસાફરી શરૂ કરતા પહેલા માન્ય ટિકિટ ખરીદે, ઓનલાઈન કે ઓફલાઈન ટિકિટની વિગતો ચકાસી લે અને ટિકિટ ચેકિંગ દરમિયાન કર્મચારીઓને સહયોગ આપે. સુરક્ષિત, સુવ્યવસ્થિત અને યાત્રીકેન્દ્રિત સેવા પ્રદાન કરવા માટે રેલવે સતત પ્રયાસશીલ હોવાનું પણ તંત્રે જણાવ્યું છે.

# ન્યૂ લહેરીપુરા રોડ પર ૫૦ વર્ષીય પ્રૌઢાએ ઉંદર મારવાની દવા ગટગટાવી

**અગમ્ય** કારણોસર આપઘાતના પ્રયાસ કરનાર મુસ્લિમ મહિલા સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૧

વડોદરા શહેરના ન્યૂ લહેરીપુરા રોડ વિસ્તારમાંથી એક ચોંકાવનારી અને ચિંતાજનક ઘટના સામે આવી છે. અહીં નિયા અબ્બાસના ખાંચામાં રહેતા એક ૫૦ વર્ષીય પ્રૌઢાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

મળતી વિગતો અનુસાર, ન્યૂ લહેરીપુરા રોડ સ્થિત નિયા અબ્બાસના ખાંચામાં રહેતા ૫૦ વર્ષીય નશીમબાનુ સલીમભાઈ છેડાવાલાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઉંદર મારવાની ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ તેમની તબિયત લથડતાં અને તેઓ બેચેન જણાતા પરિવારજનો તાત્કાલિક હરકતમાં આવ્યા હતા. તેમને તુરંત જ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ચકચારી ઘટના અંગે સ્થાનિક પોલીસને જાણ કરાતાં જ પોલીસ કાફલો સયાજી હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રૌઢાએ કયા અગમ્ય અને મજબૂરીના કારણોસર આ આત્યંતિક પગલું ભરવું પડ્યું, તે અંગે પોલીસે પરિવારજનોની પૂછપરછ હાથ ધરીને આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસનો દોર શરૂ કર્યો છે. હાલમાં સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા મહિલાની સઘન સારવાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.